


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ પ્રસ્તુત

# પમરાટ

દ્વિમાસિક સામાયિક


વર્ષ 02, અંક 04

સપ્ટેમ્બર - 2014

## આ અંકમાં:


- પ્રાચાર્યની કલમે
- સંસ્થા સમાચાર
- સાર્વત્રિક કેળવણી
- ઓગષ્ટ માસમાં ઉજવાતા દિન વિશેષ.
- એક મતથી એકમત
- પ્રાર્થના
- મહાન વ્યક્તિઓની જન્મજયંતિ અને પુણ્યતિથિ
- યુનિફોર્મ વિતરણ







### પ્રશિક્ષક અને અધ્યયન

પ્રવર્તમાન સમયે માનવામાત્ર એવા સ્થાને ઉભો છે જ્યાં અનરાધાર સદવિચારો કે કુવિચારો રૂપી ધોધમાર વર્ષા થયા કરે છે.આવી ક્ષણે આપણે આપણા વિચારો સાથે આગળ વધતા રહેવાનું છે,ત્યારે આપણી પાસે સ્વતંત્ર વિચારશૈલી હોવી અતિ આવશ્યક છે.

પ્રશિક્ષક તરીકે જેઓએ પોતાના જીવન નિર્વાહનો માર્ગ અપનાવ્યો છે તેઓ આવી સ્વતંત્ર વિચરશૈલી થકી જ પોતાની વિશિષ્ટ પ્રતિભા ઉભી કરી શક્શે, અને તે ત્યારે જ શક્ય બને જ્યારે તે દરરોજ અધ્યયન અંગેના સમયનું આયોજન કરે.ભગવાન બુધ્ધના કહ્યા મુજબ -જેમ રોજ સ્નાન કરવાથી શરીર સ્વચ્છ બને છે,રોજ ઝાડુ મારવાથી ઘર સ્વચ્છ બને છે તે જ રીતે રોજ નિયમિત અધયન કરવાથી મન સ્વચ્છ બને છે.અન્ન વિના દેહ ટક્તો નથી તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી માટે જ પ્રશિક્ષક દરરોજ એક કલાક અધ્યયન માટે અલગ કાઢે, આ સમયમાં બધાં કામથી અળગા થઇને અધ્યયનમાં જાતને પરોવી દઇ માત્ર અધ્યયન, મનન, ચિંતન માટે જ પ્રવૃત્ત રહે જેથી તેની બુધ્ધિની શુધ્ધિ થશે.ઉત્સાહમાં વધારો થશે અને કામ કરવાની શક્તિમાં પણ વધારો થશે અને પોતાના કાર્યક્ષેત્રમાં યશ-કીર્તિ અપાવશે જેના થકી એના આંતરમનની શાંતિ એના રોમે-રોમમાં પ્રસરી જશે.

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

ભરૂચ

**જોડણીના કેટ્લાક નિયમો: ગુજરાત વિદ્યાપીઠના સાર્થ જોડણીકોષના આધારે નિયમો**

## સંસ્થા સમાચાર :

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ભરૂચ દ્વારા સ્માર્ટ ક્લાસ સંદર્ભે ધોરણ-૭ સામાજિક વિજ્ઞાન વિષયનું સોફ્ટમટિરિયલ તૈયાર કરવામાં આવેલ છે.
- તારીખ ૨૮.૮.૨૦૧૪ ના રોજ યોજાયેલ સંકલન બેઠકમાં આગામી ત્રણ માસ સુધીના વર્ગોની તારીખો અને સ્થળ નક્કી કરવામાં આવ્યા.
- G-SLAS-7 પ્રશ્નપત્ર ચકાસણી કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે.
- ધોરણ ૧ થી ૫ નવા અભ્યાસક્રમ સંદર્ભે સંકલ્પનાત્મક તાલીમ યોજાઇ.
- શારીરિક શિક્ષણ સ્કીલ કોચીંગ પ્લાનીંગ કાર્યશાળા યોજાઇ.
- પ્રથમ સત્ર બ્લ્યૂ પ્રિન્ટ/પ્રશ્નપત્ર સંરચના કાર્યશિબિર પૂર્ણ થયેલ છે.
- મહિલા શિક્ષક દિવસની ઉજવણી સ્વરૂપે વિવિધ સ્પર્ધાઓ/પ્રદર્શન યોજાયા.
- CRC/BRC જિલ્લા(પ્રાથમિક/માદ્યમિક કક્ષા) ગણિત-વિજ્ઞાનનું આયોજન પૂર્ણ કરેલ છે.
- ક્રિયાત્મક સંશોધન માર્ગદર્શન કાર્યશિબિર ૧૨.૮.૧૪
- ગણિત-વિજ્ઞાન મંડળ સશક્તિકરણ માર્ગદર્શન શિબિર(૧૨,૧૩,૧૪ ઓગષ્ટ-૨૦૧૪)
- ગણિત-વિજ્ઞાન એવોર્ડ શાળા/વિદ્યાર્થી નોમીનેશન કામગીરી પૂર્ણ કરેલ છે.



મહિલા દિનની ઉજવણી




ઇ.ટી.તાલીમ વર્ગમાં માર્ગદર્શન આપતા હિરેનભાઇ વ્યાસ



શારીરિક શિક્ષણ તાલીમ વર્ગ



નવા અભ્યાસક્રમ સંદર્ભે સંકલ્પનાત્મક તાલીમ

**૧.સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી.દા.ત. ગુરુ,મતિ,વિદ્યાર્થિની,વૃદ્ધ,શુશ્રૂષા,પ્રામાણિક,નિમણૂંક વગેરે.**

## સાર્વત્રિક કેળવણી

આજના ખુબ જ ઝડપથી પરિવર્તનશીલ યુગમાં કોઇપણ ક્ષેત્ર પરિવર્તન વિહોણું રહ્યુ નથી. શિક્ષણ ક્ષેત્રની વાત કરીએ તો છેલ્લા દાયકામાં જે પરિવર્તનો થયા તેના પાયામાં મુખ્યત્વે NCF-2005 અને RTE-2009 ગણી શકાય. RTE-2009 દ્વારા ભારતમાં 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર મળ્યો.આ સાથે નાગરિક શાસ્ત્રના મૂળભૂત હકો અને ફરજોમાં પણ શિક્ષણના હકનું એક મહત્વના હક તરીકે સ્થાન અંકીત થયું. શિક્ષણનો અધિકાર ભોગવવા બાળકો વિદ્યાર્થી તરીકે શાળામાં જાય છે અને આ હક અપાવનાર શિક્ષકો દ્વારા તેમના હકો સંતોષકારક રીતે ભોગવી શકે છે આમ, શિક્ષણના અધિકારમાં સૌથી મહત્વની કડી શિક્ષકો છે. પણ કેટલીક વખત શિક્ષકો ફરજના ભાગ રૂપે ચિઠ્ઠીના ચાકરની જેમ માત્ર નોકરી કરતા હોય છે, ત્યારે શિક્ષણનો અધિકાર માત્ર ચોપડા પર રહેતો જણાય છે. વાસ્તવમાં શિક્ષણના અધિકારનો ઉદ્દેશ્ય લોકશાહી શાસનમાં સાર્વત્રિક કેળવણીનો છે. તો સાર્વત્રિક કેળવણી એટલે શું? તે સમજવાનો પ્રયત્ન કરીએ.

આપણે જાણીએ છીએ કે, પ્રત્યેક વ્યક્તિ જન્મથી જ એકબીજા થી ભિન્ન છે, અલગ છે. લોકશાહી શિક્ષણ સમાનતાના સિધ્ધાંત પર ભાર મુકે છે. શિક્ષણની બાબતમાં 'સમાનતા' શબ્દનું અર્થઘટન કરીએ તો એમ કહી શકાય કે, શિક્ષણની તકો અને સગવડો સર્વેને સમાન રીતે મળવી જોઇએ. બંધારણમાં પણ સમાનતાનો હક સ્વીકારાયો છે. પ્રત્યેક વ્યક્તિ તેની બુધ્ધિ, શક્તિ, આવડત, સ્થિતિ, સંજોગો,અભિયોગ્યતા,રૂચિ વગેરે જેવી બાબતોમાં અન્ય વ્યક્તિથી ભિન્ન છે. આ વ્યક્તિગત તફાવતો સમાન તક આપવાથી ભૂંસી શકાય ખરાં? અથવા તો આ વ્યક્તિગત તફાવતોની મર્યાદા દૂર કરી શકાય ખરી? શિક્ષક બાળકમાં નવી શક્તિ ઉગાડી કે ઉમેરી ન શકે, તે તો માત્ર બાળકમાં રહેલી શક્તિને વિકસાવી શકે. આમ,સાર્વત્રિક શિક્ષણનો અર્થ સર્વને માટે એક સરખું શિક્ષણ તેવો ન કરી શકાય. સાર્વત્રિક શિક્ષણનો અર્થ વ્યાપક સ્વરૂપ ધરાવે છે, તે બાળકને સંપૂર્ણ સ્વતંત્રતા અર્પે છે. બાળક કે વિદ્યાર્થીની રૂચિ, બુધ્ધિ, શક્તિ, આવડત, સ્થિતિ, ગતિ, સંજોગો, અભિયોગ્યતા વગેરે જેવી બાબતોને અનુરૂપ શૈક્ષણિક વાતાવરણ સર્જવાનું કાર્ય શિક્ષકે કરવાનું છે. જેથી બાળક તેના પસંદગીના ક્ષેત્રે અગ્રિમ કૌશલ્યો સિધ્ધ કરી શકે. બાળકની ક્ષતિઓને સુધારીને તેના માર્ગના અવરોધોને પાર કરવાની શક્તિ ઉજાગર કરવાનું કાર્ય શિક્ષકે કરવાનું છે. આપણી હિંદુ સંસ્કૃતિના મહાન ગ્રંથ મહાભારતમાં પણ સાર્વત્રિક કેળવણીનો પરિચય થાય છે. પાંડવો અને કૌરવોને ગુરૂવર દ્રોણાચાર્ય દ્વારા અપાયેલ કેળવણી એ સાર્વત્રિક કેળવણીનું અદભૂત ઉદાહરણ છે. જેમાં શિષ્યોની રૂચિ, બુધ્ધિ, શક્તિ, આવડત, સ્થિતિ,ગતિ, અભિયોગ્યતા વગેરેને ધ્યાને લઇ તકોનું સર્જન કરવાના ઉદાહરણોથી આપણે સૌ વિદીત છીએ. પ્લેટોએ 'રિપબ્લિક'માં નોંધ્યુ છે કે, "સારા સમાજમાં ધોરણોનો સંદર્ભ ટાંકીએ તો ન્યાયી સમાજ તે છે કે જેમાં પ્રત્યેક વ્યક્તિને તેની શક્તિઓ અનુસાર એવી રીતે તાલીમ આપવામાં આવે કે જેથી તે સમગ્ર સામાજિક જૂથને ઉપયોગી થઇ શકે."

આમ,આપણે આપણા ઇચ્છિત ભાવિ સમાજનું નિર્માણ કરવા માટે ખરા અર્થમાં લોકશાહી શાસનમાં સાર્વત્રિક કેળવણીને અમલીકૃત કરવા માટે આપણા શિક્ષક તરીકેના સ્તરને હજુ વિકસિત અને સમૃધ્ધ કરી એક કેળવણીકારની ભૂમિકા અદા કરવી અનિવાર્ય બને છે.

માર્કંડકુમાર આર.માવાણી

લેક્ચરર, આઇ,એફ.આઇ.સી.શાખા

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,

ભરૂચ.

**ઓગષ્ટ માસમાં ઉજવાતા દિન વિશેષ:**

૧ ઓગષ્ટ: વિશ્વ મૈત્રી દિવસ,વિશ્વ સ્તનપાન દિવસ,અસહકાર ચળવળ દિન

૨ ઓગષ્ટ: ગાંધીનગર સ્થાપના દિન.

૩ ઓગષ્ટ: આંતરરાષ્ટ્રીય મિત્રતા દિન.

૬ ઓગષ્ટ: હિરોશીમા દિન.

૭ ઓગષ્ટ: ઓગષ્ટનો બીજો રવિવાર,ફ્રેન્ડશીપ ડે.

૮ ઓગષ્ટ: ક્રાંતિ દિન, શહીદ દિન, મહા ગુજરાત આંદોલન દિન.

૯ ઓગષ્ટ: વિશ્વ આદિવાસી દિન,

૧૪ ઓગષ્ટ: પાકિસ્તાનનો સ્વાતંત્ર્ય દિન.

૧૫ ઓગષ્ટ: ભારતનો સ્વાતંત્ર્ય દિન.

૨૦ ઓગષ્ટ : ઉર્જા દિન, રાજીવ ગાંધી જન્મ દિન, રાષ્ટ્રીય રમત ગમત દિન.

૨૧ મી સદીનો પ્રેરણાદાયી શિક્ષક

(૧) I (હું પદ થી દૂર)

(૨) WE (અમેની ભાવના)

(૩) Ego (અહમથી દૂર)

(૪) Love (પ્રેમ સભર)

(૫) Smile (હસ્તો રહેનાર)

(૬) Rumour (અફવાથી દૂર રહેનાર)

(૭) Success (સફળ)

(૮) Jealousy (ઇર્ષાથી દૂર રહેનાર)

(૯) Knowledge (જ્ઞાન સભર)

(૧૦) Confidence (આત્મવિશ્વાસથી ભરપૂર)

- અંકિતા ત્રિવેદી

**૨.ભાષામાં તત્સમ ઉપરાંત તદભવ રૂપ પણ વપરાશમાં હોય તો બંને રૂપ સ્વીકારવા.દા.ત. પૂર્ણિમા-પૂનમ,કઠિન-**

નારાયણ વિદ્યાવિહાર, ભરૂચ

પ્રદર્શન : ૨૦૧૪-૧૫

**" એક મત થી એકમત"**

દેશનું ભાવિ બાળકો પર નિર્ભર છે કારણ કે આજના બાળકો આવતીકાલના ઉત્તમ નાગરિકો છે. સમજદાર, જવાબદાર અને રૂઆબદાર નાગરિકોના સર્જન માટે શાળાકીય શિક્ષણ ઘડતરનું શ્રેષ્ઠ પરિબળ છે. આથી જ કહેવાયું છે કે ભારતનું ભાવિ વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે. માધ્યમિક શિક્ષણ એ મધ્યમ તબક્કાની નેતાગીરીની કેળવણી છે. બાળકના સર્વાંગી અને સાતત્યપૂર્ણ વિકાસ માટે વર્ગખંડના શિક્ષણ સાથે સાથે શારીરિક, માનસિક, બૌધ્ધિક અને આધ્યાત્મિક કેળવણી આપતી સહઅભ્યાસ પ્રવૃત્તિમાં સાંસ્કૃતિક, સામાજિક અને સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ શાળા દ્વારા વખતોવખત યોજાય એ ઈચ્છન છે.

નારાયણ વિદ્યાવિહાર શિક્ષણને બહેતર બનાવવા અનેકવિધ પ્રવૃત્તિઓ, દશ્ય-શ્રાવ્ય સાધનો, ખેલકૂદના કાર્યક્રમો, વિશિષ્ટ વ્યકિતના પ્રવચનો, ગીત-સંગીત અને વિવિધ પ્રદર્શનો યોજી વિદ્યાર્થીઓ અને વાલીઓને જ્ઞાન સાથે ગમ્મત દ્વારા નાગરિક ઘડતરની તાલીમ આપી રહી છે. શાળાએ આ અગાઉ ગઝની થી ગાંધી, મોહન થી મહાત્મા, અંબર થી અવની, વિપ્લવ થી વર્તમાન - ઈતિહાસપર્વ જેવા ભવ્ય પ્રદર્શનો યોજ્યા છે. તો વળી સાહિત્ય પરિષદ અને પુસ્તકસંવાદના કાર્યક્રમો દ્વારા શાળાને સાહિત્ય થી ગુંજતી રાખી છે.થમ સત્રમાં શાળા ***'એક મત થી એકમત'*** ના શીર્ષક અંતર્ગત અનોખું પ્રદર્શન યોજાઇ ગયું છે જે એક વિચાર માંગી લે એવો વિષય છે. ***"સૌનો સાથ સૌનો વિકાસ"*** જયારે લોકશાહીનો મંત્ર બની રહ્યો હોય ત્યારે પ્રજાતંત્રના રખેવાળ એવા પરિબળોને આવરી લેતા પ્રદર્શનને શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક રજૂ કરી રહ્યા હતા.

સ્વતંત્ર ભારતમાં પ્રજાકીય શાસનપ્રણાલીની વ્યવસ્થાની વિશદ સમજ આપતા પ્રદર્શનના પ્રારંભે પ્રસ્તાવના સ્વરૂપે ભારતની પુરાતન સંસ્કૃતિની આછી ઝલક મળે તે હેતુથી બુધ્ધ, મહાવીર, આર્યો, ચન્દ્રગુપ્તની શાસન પ્રણાલીને આવરી લેવામાં આવી હતી.

પ્રજાતંત્રની શાસનપ્રણાલીમાં ચૂંટાયેલ પ્રતિનિધિ દ્વારા શાસન વ્યવસ્થા ગોઠવાતી હોય છે. આથી ચૂંટણી પ્રક્રિયાની યોગ્ય સમજ પંચાયત થી લોકસભા સુધીની ક્રમશઃ મળે એ શુભાશયથી પ્રદર્શનની ગોઠવણી કરી હતી.

પ્રાથમિક થી માંડી ઉચ્ચતર માધ્યમિક સુધીના વિદ્યાર્થીઓ નાગરિકશાસ્ત્રના અભ્યાસ દ્વારા આ વિગતો સમજે છે. પરંતુ આ બાબતોની વિશદ અને તલસ્પર્શી માહિતી વિદ્યાર્થીઓ અને વાલીઓને રસપ્રદ રીતે પ્રાપ્ત થાય એ હેતુને નજર સમક્ષ રાખવામાં આવ્યો હતો. હકક અને ફરજ એક જ સિકકાની બે બાજુઓ છે ત્યારે સમજદાર, રૂઆબદાર અને જવાબદાર નાગરિકોના ઘડતર માટે વિદ્યાર્થીઓ પોતાની ફરજો અને અધિકાર પરત્વે સભાન બને તે આશય પણ અપેક્ષિત છે. ઉત્તમ નાગરિકના ઘડતર માટેનો આ શાળાનો નમ્ર પ્રયાસ હતો.

**પ્રદર્શનના હેતુ :**

1. ધોરણ ૫ થી ૧૨ ના અભ્યાસક્રમમાં આવતા નાગરિકશાસ્ત્ર વિભાગની સમજ કેળવાય.વિદ્યાર્થીઓ તથા વાલીઓ લોકશાહી શાસનવ્યવસ્થા થી અવગત થાય.
2. નાગરિક ધર્મ, ફરજો, અધિકારો વિશે સ્પષ્ટ બને.
3. લોકશાહી વિશેના અધકચરા ખ્યાલો અને ગેરસમજ દૂર થાય.
4. એક સારો નાગરિક તૈયાર થાય, પસંદગી-નાપસંદગી સમજે અને વિચારે.
5. પોતાનો સ્વતંત્ર અભિપ્રાય આપતા થાય.
6. માહિતી થી અવગત બની પોતાના સામાન્ય જ્ઞાનમાં વધારો કરે.
7. સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સજ્જ બને.
8. દેશની શાસનવ્યવસ્થાની કરોડરજ્જુ એવી ચૂંટણીપ્રક્રિયાને સમજે.
9. પોતાના મતના મૂલ્યને સમજે અને આંકે.
10. યોગ્ય ઉમેદવારની પસંદગીનું મહત્વ જાણે અને વિચારે.
11. પોતાની સ્વતંત્રતા અને દેશભાવના સમજે.

Teacher is the full form of:

T: Talent

E:Education

A:Attitude

C: Character

H: Harmony

E: Efficient

R: Relation

૩. ' ઇક' પ્રત્યયમાં ' ઇ' હ્રસ્વ છે અને તે લાગતાં શબ્દના આગળના સ્વરની વૃધ્ધિ અને છેવટના સ્વરનો લોપ થાય છે.દા.ત.સમાજ-સામાજિક

# પ્રેરણાદાયી શાળા

## જંબુસરની મગણાદ શાળામાં બાળકોને ગણવેશ વિતરણ

જંબુસર તાલુકાના માણાદ ગામની પ્રાથમિક મિશ્ર શાળામાં ગામ નજીક  આવેલ સુપર સોલ્ટ પ્રા. લી.ના સહયોગથી ગણવેશ વિતરણનો કાર્યક્રમનું આયોજન રાજ્ય કક્ષાના પુરવઠા મંત્રી શ્રી છઠાસિંહ મોરીના અધ્યક્ષ સ્થાને તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી અરવિંદભાઇ પ્રજાપતિની વિષેશ  ઉપસ્થિતિમાં યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે શાળાના આચાર્ય દેવદત્તભાઇ પટેલે સ્વાગત પ્રવચન ધ્વારા ઉપસ્થિત મહાનુભાવોને આવકાર્યા હતા. આ પ્રસંગે રાજ્ય કક્ષાના અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી શ્રી છઠાસિંહ મોરીએ તેમના ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે હોય એને આપવું કઠીન છે. છતાં સુપર સોલ્ટે અપનાવ્યુ છે  તે અભિનંદનને પાત્ર છે. આ ગામના બાળકોને મારા સમજીને સુપર સોલ્ટ પરિવાર ગણવેશ સહાય આપે છે. તે કાબીલે તારીફ છે. આપણા ગુજરાતના મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે શાળાઓમાં જ્ઞાન સપ્તાહ ઉજવવાનુ આયોજન કર્યુ છે. જેનાથી શિક્ષણક્ષેત્રે વાલી- બાળક -શિક્ષકનો સમન્વય થાય. દાતા કંપનીના ડાયરેક્ટર શ્રી કેતનભાઇ ત્રિવેદીએ તેમના મંતવ્યમાં જણાવ્યું હતું કે સુપર સોલ્ટ પરિવાર દ્વારા છેલ્લા આઠ વર્ષથી શાળાના બાળકોને અમારા સમજીને ગણવેશ વિતરણ કરવામાં આવે છે. અને અમારા મગણાદ ગામને જ્યારે પણ જરુર પડશે ત્યારે તેની પડખે રહેવાની ખાત્રી આપી હતી.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અરવિંદભાઇ પ્રજાપતિએ તેમના ઉદ્દબોધનમા **શાળાને સ**સ્કારનું સિંચન કરતી ફેક્ટરી ગણાવી હતી. તથા બાળહઠને સાત્વીકમાં ફેરવવાની તાકાત કેવળ ગુરુમાં હોવાનું જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત પમુખ મનુભાઇ પટેલ, સરપંચ કુસુમબેન પટેલ સહિત ગામના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.











District Institute of Education and Training

Nr. Manan Ashram,
At & Post. Zadeshwar,
Ta. & Dist. - Bharuch.
Gujarat. (India)

-: પ્રતિભાવ આવકાર્ય :-
E-mail:
diet.bharuch@gmail.com
Website:
www.dietbharuch.org

॥ नर्मदा तु ज्ञानदा ॥
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભરૂચ

# પ્રાર્થના

ડો.પ્રીતિ ભટ્ટ સિ.લેક્ચરર ,ઇ.ટી.શાખા

પ્રાર્થના અને ધીરજ દુ:ખ પડ્યા તો ખૂટી ગઇ,
ભીડમાં લો બાળકથી આંગળીયે છૂટી ગઇ.
બંદગી ને તસ્બીથી ફુરતાને શું મતલબ?
એ જ દુ:ખ છે અલ્લાહના નામ પર એ છેતરી ગઇ.
એક્તા ભલે લાગે એ હશે ઉપરછલ્લી,
જોડતી હતી સૌને એ કડી જ તૂટી ગઇ.
પ્રેમ પર, આ શ્રધ્ધા પર, સાવ કુમળા મન પર,
કોણ ભૂંસશે એને ફુરતા જે ઘૂંટી ગઇ.
ક્યાં કુરાનમાં મિસ્કીન બોમ્બ પર લખ્યુ છે કેં,
કેંક ભૂલકાઓની આંખ બેઉ ફૂટી ગઇ.

માર્ગદર્શન : શ્રી યોગેશભાઇ કે. પટેલ, પ્રાચાર્ય, જિ.શિ.તા.ભ., ભરૂચ.
સંપાદન અને ડિઝાઇન: ડો. પ્રીતિ પી. ભટ્ટ, સિ.લે., જિ.શિ.તા.ભ., ભરૂચ.
(નોંધ: અહીં પ્રકાશિત તમામ લખાણમાંના વિચારો જે તે લેખકને આધિન છે.)

## ઓગષ્ટ માસના દિન વિશેષ

| ક્રમ | વ્યક્તિ વિશેષ | જન્મ જયંતિ | પુણ્યતિથિ |
|---|---|---|---|
| ૧ | શ્રી રવિશંકર રાવળ | ૧.૦૮.૧૮૯૨ | ઇ.સ.૧૯૭૭ |
| ૨ | લિયો ટોલ્સટોય | ૨૦.૦૮.૧૮૨૮ | ૨૦.૧૧.૧૯૧૦ |
| ૩ | ફિરોજશા મહેતા | ૪.૦૮.૧૮૪૫ | ઇ.સ.૧૯૧૫ |
| ૪ | એલેક્ઝાન્ડર ફ્લેમિંગ | ૬.૦૮.૧૮૮૧ | - |
| ૬ | શ્રી ખુદીરામ બોઝ | ઇ.સ.૧૮૯૦ | ૧૧.૦૮.૧૯૦૮ |
| ૭ | ડો.વિક્રમ સારાભાઇ | ૧૨.૦૮.૧૯૧૯ | ૩૦.૧૨.૧૯૭૧ |
| ૮ | શ્રી અરવિંદ ઘોષ | ૧૫.૦૮.૧૯૭૨ | - |
| ૯ | ઝવેરચંદ મેઘાણી | ૧૭.૦૮.૧૮૯૬ | ૯.૦૩.૧૯૪૭ |
| ૧૦ | કવિ વીર નર્મદ | ૨૪.૦૮.૧૮૩૩ | ઇ.સ.૧૮૮૬ |
| ૧૧ | મેડમ મોન્ટેસરી | ૩૧.૦૮.૧૮૭૦ | ૬.૦૨.૧૯૫૨ |